જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૨/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૬૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૬૮	૦	૧૧૨૬૮	૧૭૩૯૦	૦	૧૭૩૯૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૯૭૦	૧	૨૮૯૭૧	૩૦૨૮૩	૨	૩૦૨૮૫
કુલ		૪૫૦૧૦	૧	૪૫૦૧૧	૫૪૧૭૫	૨	૫૪૧૭૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬	૩,૯૮,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૬	૧,૪૬,૦૦૦

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ક્રાઇમબ્રાંચ :

આરોપીને રોકડ રકમ તથા દાગીના અને ઓટોરીક્ષા મળી કુલ કિં.રૂ.૧,૦૫,૫૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી ઘરફોડ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમબ્રાંચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના અધિક પોલીસ કમિશનરશ્રી પ્રેમ વીર સિંગ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ચૈતન્ય આર. મંડલીક સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ઘરફોડ ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ સુચના આપવામાં આવેલ હોય.

જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એન.ચાવડા નાઓના સ્કર્વાડના પો.સ.ઈ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર નાઓ સ્કર્વાડના માણસો સાથે આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૨૩/૦૨/૨૦૨૧ ના રોજ સ્ટાફના હે.કો.ઈમ્તીયાઝઅલી ઉમરાવઅલી તથા હે.કો.કૃષ્ણકાંત તેરસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે પાનકોર નાકા ચાર રસ્તા પાસેથી **આરોપી ગુલઝાર અહેમદ સ/ઓ અબ્દુલ ખાલીક અબ્દુલ મજીદ અંસારી, ઉ.વ.૩૮, રહે. મ.નં.૨૪૧૧/૩૦, હજન બિલ્ડીંગ મેસાણીયા વાસ, અંબાલાલની ચાલીની બાજુમાં, રંગીલા પો.ચોકી પાસે, શાહપુર,અમદાવાદ શહેર** નાઓને (૧) રોકડ રૂપિયા ૫૦૦૦/- (૨) પગમાં પહેરવાની પાયલ જોડ-૧ (નંગ-૨) કિ.રૂ.૫૦૦/- (૩) ઓટો રિક્ષા કિં.રૂ.૧,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ. ૧,૦૫,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે લઇ આરોપીને તા.૨૩/૦૨/૨૦૨૧ ના કલાક ૧૪/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ બાબતે સેટેલાઈટ પો.સ્ટે. માં ઘરફોડ ચોરીનો ગુન્હો શોધાયેલ છે.

ઘરફોડ ચોરીનો ગુનો આચરેલ હોવાની કબુલાત

આજથી પાંચેક દિવસ અગાઉ રાત્રિના આશરે એક વાગે સેટેલાઈટ શીવરંજની ચાર રસ્તા પાસે આવેલ સેફાલી બંગ્લોઝ ખાતે એક બંધ મકાન પોતે તથા પોતાના એક સાગરિત સાથે ભેગા મળી બંગલામાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયાની ચોરી કરેલ છે.

શોધાયેલ ગુન્હો

સેટેલાઈટ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૨૨૧૦૦૩૦/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૬૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૭૮ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૨ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૬૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૦ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૦ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૩૬૫/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : ડો.પ્રદિપકુમાર ગોપાલભાઇ પટેલ (ઉ.વ.૫૦)(રહે.તેજેન્દ્ર પાર્ક, નિરાંત ચોકડી, વસ્ત્રાલ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સોલા સીવીલ હોસ્પીટલના "એ" બ્લોકના નવમા માળે વિંગ-૧ તથા વિંગ-૨ ના રૂમમાં આવેલ સાયકીએટ્રીક વિભાગના દરવાજાના નકુચા તોડી, અજાણી વ્યક્તિ અંદર પ્રવેશ કરી, ઓક્સીજનની કુલ-૫૪ અને ૦૨ મોટી કોપરની પાઇપો જે તમામ મળી કુલ ૩૫૦ ફુટ લંબાઇની કોપરની પાઇપો કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

સરદારનગર : સાહિલભાઇ કેપશનભાઇ નેતલેકર (ઉ.વ.૨૪)(રહે.સીંગલ ચાલી, કુબેરનગર સરદારનગર) એ તા.૨૪/૦૨/૨૦૨૧ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૨/૨૦૨૧ રાતના ૮/૧૫ થી ૮/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ (૧) સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૨) એક સોનાનું પેંડલ કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- (૩) રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- (૪) એક મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી લઇ ગયો:- **સમાચાર યાદી નં.૩૬૬/૨૦૨૧**

શાહીબાગ : દક્ષાબહેન વા/ઓ અરવિંદભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦)(રહે.માકુભાઈની ચાલી, ગિરધરનગર, બહુમાળી ભવનની બાજુમાં, શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૨/૨૦૨૧ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે શાહીબાગ ગિરધરનગર બ્રીજ નીચે બહુમાળી ભવનની બાજુમાં સુજલ પાન પાર્લર નજીક મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાનો) એ દક્ષાબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૭,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

પાણીની ટાંકીમાં પડી જતાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૩૬૭/૨૦૨૧**

ખાડીયા : અશોકભાઈ ચીમનભાઈ સોની (રહે.પરબડીની પોળ, રાયપુર ચકલા, ચકલેશ્વર મહાદેવ પાસે, રાયપુર) તા.૨૪/૦૨/૨૦૨૧ સવારના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની ટાંકીમા પગ લપસી જવાથી પડી જતા ડુબી જતા સારવાર અર્થે તેમને એસ.વી.પી હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ બપોરના ૧૨/૨૦ વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૩૬૮/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : રજનીકાંત ભોળાભાઇ પટેલ (ઉ.વ.૩૦)(રહે.અનુશ્રી રેસીડેન્સી, ગોતા બ્રીજ પાસે. ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૨૦૨૧ ના કલાક ૦૨/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કોઇ જંતુ નાશક દવા પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કીરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

ગોમતીપુર : કાંતીલાલ મફતલાલ સોલંકી (રહે.કાળીદાસની ચાલી, રાજપુર ટોલનાકા, નગરી મીલ પાસે, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૨૦૨૧ ના કલાક ૧૧/૩૦ થી બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે લુંગીનું કપડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી ગામીત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી